" સ્કોપ " સોસાયટી ફોર ક્રિએશન ઓફ ઓપોર્ચ્યુનીટીસ થ્રુ પ્રોફીસીઅન્સી ઈન ઈંગ્લિશ.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : બમશ-૧૦૦૭-૫૪૨-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ 27 FEB 2007

**પ્રાસ્તાવિક :**

રાજમાં ૧૫ થી ૩૫ વર્ષની વય જુથના યુવાનો માટે અંગ્રેજી ભાષા શિક્ષણ માટે જાગૃતિ આવે અને શિક્ષણ મેળવવા માટેની સગવડતાઓ ઉભી કરવા માટે સ્વતંત્ર રીતે કામ કરતી સોસાયટીની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ અંગે રાજય સરકાર તરફથી એક સોસાયટીની રચના કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે અને આ સોસાયટીનું નામ " સ્કોપ " સોસાયટી ફોર ક્રિએશન ઓફ ઓપોર્ચ્યુનીટીસ થ્રુ પ્રોફીસીઅન્સી ઈન ઈંગ્લિશ રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

**ઠ રા વ :**

રાજય સરકાર તરફથી ઉકત સોસાયટીની રચના કરવા માટે તેની નોંધણી સોસાયટી રજીસ્ટ્રેશન એકટ, ૧૮૬૦ નીચે કરવાની સત્તા તથા કામગીરી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરને સોંપવામાં આવે છે.

**ઉ દ્દે શો :**

૧. ૧૫ થી ૩૫ વર્ષની વય જુથના યુવાનોના અંગ્રેજી જ્ઞાન - સામાન્ય અંગ્રેજી બોલવાનું શીખવાડવા માટે યોજના બનાવવી.
૨. આ કામગીરી માટે અંગ્રેજી શીખવાડવા માટે નિષ્ણાંતો તૈયાર કરવા.
૩. સમગ્ર રાજયમાં તાલુકા કક્ષા સુધી આ કામગીરી માટે અલગ માળખું ઉભું કરવું.
૪. જે યુવાનો સોસાયટીએ બનાવેલ અભ્યાસક્રમમાં શિક્ષણ મેળવે તેમણે રાજય કક્ષાએ સર્ટિફીકેટ મેળવવા માટે પરીક્ષા આપવાની રહેશે અને તે માટે આંતરરાષ્ટ્રીય કક્ષાની ગુણવત્તા ધરાવતી એજન્સી સાથે કામગીરી કરવી.
૫. આ કામગીરી માટે સેમીનાર, વર્કશોપ અને બેઠક યોજવી તેમજ તે માટેનું સાહિત્ય ઉભલબ્ધ કરાવવું.

૬.    ઉપરોક્ત ઉદ્દેશો માટે જરુરી અન્ય કાર્યવાહી કરવી.

ઉપરોક્ત સોસાયટીની કામગીરી માટે નીચે મુજબ ગવર્નીંગ બોડીની રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | માનનીય મંત્રીશ્રી ( શિક્ષણ ) | અધ્યક્ષ |
| ૨. | અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ | સભ્ય |
| ૩. | સચિવશ્રી, શિક્ષણ વિભાગ | સભ્ય |
| ૪. | કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ | સભ્ય |
| ૫. | કમિશ્નરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના અને શાળાઓ | સભ્ય |
| ૬. | કમિશ્નરશ્રી / નિયામકશ્રી, તાંત્રિક શિક્ષણ | સભ્ય |
| ૭. | નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ | સભ્ય |
| ૮. | ચેરમેન, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ | સભ્ય સચિવ |
| ૯. | બે સભ્યો બિન સરકારી લેવાના રહેશે. | |

આ હુકમો શિક્ષણ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા. ૨૦. ૧. ૨૦૦૭ ની નોંધથી મળેલ અનુમતિથી રવાના કરવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

27 FEB 2007

નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ

નકલ રવાના :

૧. માન. મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૨. મુખ્ય સચિવશ્રી, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
૩. અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
૪. એ. જી. અમદાવાદ / રાજકોટ.
૫. નાણા સલાહકારશ્રી ( શિક્ષણ ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
૭. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
૮. શિક્ષણ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
૯. શિક્ષણ વિભાગના સર્વે ખાતાના વડાઓ
૧૦. શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
૧૧. સિલેક્ટ ફાઈલ